રે. દી. મુ. નંબર :-03/2024

આંક 5ની મનાઈ અરજી નીચે હુકમ :-

(1) આ આંક - ૫ ની મનાઈઅરજી હેઠળ હુકમ થતો હોઈ અરજીની વિગતોનું પુનરાવર્તન ટાળવા મનાઈઅરજી ની વિગતો નો ઉલ્લેખ કરેલ નથી.

(2) પ્રતિવાદીઓને દાવા તથા મનાઈઅરજીનો સમન્સ તથા નોટીસ બજી જતા પ્રતિવાદી નં. ૧ થી ૨ નાઓ તેઓના વકીલશ્રી દ્વારા હાજર થઈ આંક -૩૩ થી મનાઇ અરજીનો સંયુક્ત લેખિત જવાબ રજૂ કરેલ છે. સદર હું રજૂ કરેલા જવાબમાં પેરાવાઇઝ વાદીની દાવા અરજીનો ઇનકાર કરેલો છે, અને સત્ય હકીકત રૂપે તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, વાદગ્રસ્ત દાવાવાળી જમીનોના મુળ માલીક મહંમદમીયાં છબામીયાં તથા સુલતાનમીયાં પીરમીયાં સને ૧૯૪૪-૪૫ થી રેવન્યુ રેકર્ડે ચાલી આવેલ છે. ત્યારબાદ ઉપરોકત દાવાવાળી વાદગ્રસ્ત જમીનોમાં એગ્રીકલ્ચરલ ટેનન્સી એકટની કલમ-૪૩ ની કાર્યવાહી દરમિયાન રામી કચરાભાઈ મુળજીભાઈ એટલે કે વાદીઓ તથા પ્રતિવાદી નં. ૩ અને ૪ ના વડીલ દ્વારા મહે. એગ્રીકલ્ચર લેન્ડ ટ્રીબ્યુનલના કેસ નં. ૧૬૭ માં તા.૦૬/૦૪/૧૯૬૨ ના હુકમથી ખરીદ કરેલ છે અને જે અંગેની રેવન્યુ એન્ટ્રી નં. ૪૬૭ તા.૨૭/૦૪/૧૯૬૨ ના રોજ રેવન્યુ રેકર્ડ પડેલ છે અને જે મંજુર થયેલ છે. તેજ પ્રકારે તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના વડીલશ્રી રામી જેઠાભાઈ પરસોતમભાઈનાઓ દ્વારા કલમ-૪૩ ની કાર્યવાહી દ્વારા વાદગ્રસ્ત જમીન પૈકીની અડધી જમીન ખરીદ વેચાણ કીંમત રૂા. ૨૧૨.૯૧ ન. પૈ. મહે. એગ્રીકલ્ચર લેન્ડ રેવન્યુ ટ્રીબ્યુનલના સાહેબના હુકમ નં. ૧૬૭ તા.૦૬/૦૪/૧૯૬૨ થી ખરીદ કરેલ છે, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે એન્ટ્રી નં. ૪૬૮ થી પડેલ છે જે તા. ૧૦/૦૬/૧૯૬૨ ના રોજ મંજુર થયેલ છે.આમ, વાદગ્રસ્ત જમીનો અલગ અલગ માલીકો દ્વારા અડધી અડધી સ્વતંત્ર રીતે ખરીદ કરવામાં આવેલ છે જે રેકર્ડ આધારીત બાબત છે. તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ સ્પષ્ટપણે જણાવીએ છીએ કે આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદી નં. ૩ અને ૪ ના પુર્વજ રામી કચરાલાલ મુળજીદાસના અન્ય એક ભાઈ હતા તેઓનું નામ રામી ગોકળદાસ મુળજીદાસ હતું અને તેઓની વચ્ચે અંદરો અંદર સંવત ૨૦૩૩ ના ચૈત્ર સુદી ૧૫ને વાર સોમવાર તા.૦૪/૦૪/૧૯૭૭ ના રોજ તે બંન્ને ભાઈઓની વચ્ચે સમજુતીનો ઘરમેળે ઠરાવ રૂા. ૨ ના સ્ટેમ્પ પેપર પર કરેલ છે જેમાં જણાવ્યા મુજબ સર્વે નં. ૧૮૯ (જે દાવાવાળી એક જમીન છે) જે ગોકળદાસ રામી ખેડે છે અને સરકારી રેકર્ડ પર કચરાભાઈના નામ પર ચાલે છે

પરંતુ તે ગોકળદાસ મુળજીભાઈના ભાગે આવેલ છે તેવું સ્પષ્ટપણે ભાઈઓ ભાગે થયેલ વહેંચણીના તા.૦૪/૦૪/૧૯૭૭ ના ઠરાવમાં લખેલ છે.ત્યારબાદ ઉપરોકત હકીકતો અંગે તા.૧૬/૦૪/૧૯૭૮ ના રોજ કચરાલાલ મુળજીલાલ રામી તથા તેઓના ભાઈ ગોકળદાસ મુળજીદાસ રામી વચ્ચે રૂા. ૧૦ ના સ્ટેમ્પ પર સદર જમીનના વેચાણખત કરાર તેવા મથાળા હેઠળ સ્પષ્ટતાનો કરાર થયેલ છે કે બંન્ને ભાઈઓની વહેચણી થઈ ગયેલ છે પરંતુ, મોટા ભાઈ કચરાભાઈ હોવાથી અને તેઓ વહીવટ કરતાં હોવાથી ટેનન્સી એકટમાં જયારે કેસ ચાલ્યો ત્યારે ભુલથી વારસાઈમાં ગોકળદાસનું નામ લખેલ નથી, પરંતુ અન્ય અમુક અમુક નંબરોમાં ગોકળદાસનું નામ પણ છે અને આથી, જેમાં ગોકળદાસનું નામ નથી તેમાં ગોકળદાસનું નામ દાખલ કરી આપવાનું છે તેમજ ઉપરોકત લેખ કચરાભાઈ મુળજીભાઈ રામીની તબીયત સારી ન હોવાથી કચરાભાઈ રામીના છોકરાઓની હાજરીમાં લેખ કરવામાં આવેલ છે, જેથી ભવિષ્યમાં ભાઈઓ ભાગની વહેંચણી અંગે કોઈ ઝગડો રહે નહી અને જેમાં કચરાભાઈ મુળજીભાઈ રામી તથા તેઓના ચારેય દીકરાઓ એટલે કે વાડીલાલ કચરાદાસ રામી, રમેશચંદ કચરાદાસ રામી, ધીરજલાલ કચરાદાસ રામી, ભાનુપ્રસાદ કચરાદાસ રામીનાઓએ સહી કરેલ છે જેથી ભવિષ્યમાં કોઈ તકરાર રહે નહી. તેઓ પ્રતિવાદી નં. ૧ તથા ર નાઓ જણાવે છે કે સર્વે નંબર ૧૮૯ વાળી વીરપુર ગામની જમીન તેઓના પિતાશ્રી કાંતીલાલ જેઠાલાલ દ્વારા તા.ર૬/૦૬/૧૯૯૦ મંગળવારના રોજ ગોકળદાસ મુળજીભાઈ પાસેથી ઉપરોકત જમીન કીંમત રૂા. ૧૩૦૦૧/- માં વેચાણ લેવાનું નકકી કરેલ, જે પેકી રૂા.ર૫૦૧/- તા.ર૬/૦૬/૧૯૯૦ સુધીમાં ટોટલ આપેલ અને જે બદલ ગોકળદાસ મુળજીભાઈ રામી નાઓએ પહોંચ આપેલ છે.ત્યારબાદ ગોકળદાસ મુળજીભાઈ રામીનાઓએ તેઓના મોટા ભાઈ કચરાભાઈ મુળજીભાઈ રામીના પુત્રોને તા.ર૬/૧૦/૧૯૯૧ ના રોજ પત્ર દ્વારા સ્પષ્ટપણે જણાવેલ કે "વીરપુરથી કાંતીલાલ જેઠાલાલ આવે તો તમારે એમની જોડે જે કંઈ વહીવટ કરવો હોય તો તે કરી લેશો મારા વિશે તમારે કોઈ પણ જાતનો વાંધો ઉઠાવવો નહી મારી આપની જોડે જે કંઈ લેવડ દેવડ રહેશે તે હમો સમજી લઈશું' આમ ઉપરોકત પત્ર વ્યવહારથી એ હકીકત સ્વયં સ્પષ્ટ છે કે સર્વે નં. ૧૮૯ની જમીન કચરાભાઈ મુળજીભાઈ રામી તથા ગોકળદાસ મુળજીભાઈ રામીની અંદરો અંદર થયેલ વહેંચણીના ઠરાવથી ગોકળદાસ મુળજીભાઈ રામીના ભાગે આવેલ અને સદર તેઓની હકીકતોથી વાદીઓ સંપુર્ણપણે માહીતગાર હોવા છતાં તેઓએ આવી મહત્વની હકીકતો છુપાવીને હાલનો દાવો કરેલ છે. વધુમાં

ઉપર જણાવ્યા મુજબ ભાઈઓ ભાગની જમીનમાં સર્વે નં. ૧૮૯ની જમીન ગોકળદાસ મુળજીભાઈ રામીના ભાગે આવેલ અને તેમાં વાદીઓ કે તેઓના વડીલનો કોઈ હકક, હીસ્સો રહેલ નહી અને તે જમીનના માલીક ગોકળદાસ મુળજીભાઈ રામી થયેલ. તેઓ હાલના દાવાના કામે ગોકળદાસ મુળજીદાસ રામીનો સર્વે નં. ૧૮૯માં હક્ક હીસ્સો પોષાતો હતો એટલે કે હાલના દાવાના કામે તેઓ જરૂરી અને મહત્વના પક્ષકાર હોવા છતાં વાદી ધ્વારા તેઓને પક્ષકાર બનાવ્યા સિવાય હાલનો દાવો કરેલ હોય વાદીઓના દાવાને જરૂરી પક્ષકારનો બાધ નડતો હોય દાવો ચાલવા પાત્ર નથી. વધુમાં તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતા કાંતીલાલ જેઠાલાલ રામીને અન્ય મીકલત એટલે કે સર્વે નં. ૨૦૬ વાળી મીલકત કે જેનો અડધા ભાગના માલીક કચરાલાલ મુળજીદાસ રામનીનાઓ હતાં તે ખરીદવા માટે તા.૨૭/૧૦/૧૯૯૧ ના રોજ તેઓના પિતાશ્રી તેઓના ત્યાં જવાના હોય તેઓના ભાઈએ ઉપરોકત તા.૨૬/૧૦/૧૯૯૧ નો પત્ર લખી આ અંગે સ્પષ્ટ સુચના આપેલ. તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ સ્પષ્ટપણે જણાવે છે, કે ત્યારબાદ ઉપરોકત જમીન તા.૨૫/૦૪/૧૯૯૨ ના રોજ બાનાખતના મથાળા હેઠળ લખેલ વેચાણખતથી તેઓને ગોકળદાસ મુળજીદાસ રામી દ્વારા નકકી કરેલ સંપુર્ણ અવેજ સ્વીકારી સોંપી દીધેલ છે અને આમ સર્વે નં. ૧૮૯ નો કબજો કે જે તા.૨૫/૦૪/૧૯૯૨ પહેલાથી તેઓના પિતા પાસે હતો તે અવેજ આપવાથી તે સંપર્ણપણે માલીકી હકકે વાદીઓ તથા પ્રતિવાદીઓની જાણમાં તેઓના વડીલો તથા તેઓનો થયેલ છે, તેમજ તેમાં તે તારીખથી તેઓ ખેતી, વપરાશ, તેમજ ઉપયોગ કરતાં આવેલ છે અને જેમાં આજદિન સુધી કોઈના દ્વારા કોઈપણ રીતે અવરોધ કરવામાં આવેલ નથી અને આમ, તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતાશ્રી ઉપરોકત સર્વે નં. ૧૮૯ ના સંપુર્ણપણે માલીક, કબજેદાર, ભોગવટેદાર બનેલ હતા અને છે.વધુમાં તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ સ્પષ્ટપણે જણાવે છે કે, સર્વે નં. ૨૦૬ વાળી મીલકત તેઓના પિતાશ્રી કાંતીલાલ જેઠાલાલનાઓએ રૂા. ૧૩૦૦૧/- માં તા.૧૫/૦૭/૧૯૯૧ ના રોજ ખરીદવાનું નકકી કરેલ અને જે પૈકી રૂા. ૩૦૦૧/-તા.૧૫/૦૭/૧૯૯૧ ના રોજ ચુકવેલ અને જે બદલ કચરાલાલના પુત્ર ધીરજલાલ કચરાલાલ રામીનાઓએ સાક્ષીની હાજરીમાં સહી કરીને બાનાખતના મથાળા હેઠળ લખાણ લખી આપેલ છે અને ત્યારબાદ બાકીની રકમ તા.૨૭/૧૦/૧૯૯૧ ના રોજ બાનાખતના મથાળા હેઠળ સ્વ. કચરાલાલ મુળજીભાઈના પત્ની તથા તેઓના વડીલ પુત્ર રમેશભાઈ તેમજ ધીરજભાઈ તથા ભાનુપ્રસાદભાઈ અને જીવાભાઈના પત્ની રમીલાબેન તમામની સંમતીથી

ઘરના કર્તા તરીકે રમેશભાઈ કચરાલાલ રામીનાઓએ ત્રણ સાક્ષીની હાજરીમાં સપુર્ણપણે અવેજ સ્વીકારી જમીનનો સંપુર્ણ કબજો સોંપી દીધેલ અને ત્યારથી અમો પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતાશ્રી સંપુર્ણપણે માલીકી હકકે વાદીઓ તથા પ્રતિવાદીઓની જાણમાં માલીક અને કબજેદાર થયેલ છે તેમજ તેમાં તે તારીખથી તેઓ ખેતી, વપરાશ, તેમજ ઉપયોગ કરતાં આવેલ છે અને જેમાં આજદિન સુધી કોઈના દ્વારા કોઈપણ રીતે અવરોધ કરવામાં આવેલ નથી અને આમ, તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતાશ્રી ઉપરોકત સર્વે નં. ૨૦૬ ના સંપુર્ણપણે માલીક, કબજેદાર, ભોગવટેદાર બનેલ છે.તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના સ્પષ્ટપણે જણાવે છે કે વાદીઓ દ્વારા જુઠો અને સત્ય હકીકતો છુપાવી સદર દાવો લાવેલ હોય તેમજ તેમાં મહત્વના અને જરૂરી પક્ષકારોને જોડેલ નહી હોવાથી કોઈ જ પ્રકારની દાદ તેઓ મેળવવા હકકદાર નથી .સ્પેસીફીક રીલીફ એકટની કલમ-૩૪ મુજબ નામદાર કોર્ટને વિવેકાધીન જયુરીડીકશન હોય અને આવી સત્તા વાદીઓ કે જેઓ નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય અને સત્ય હકીકતો છુપાવેલ હોય તેમજ જરૂરી પક્ષકારોને જોડેલ ન હોય તેઓના લાભમાં તેવી સત્તા વાપરવી જોઈએ નહી.અમો પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ સ્પષ્ટપણે જણાવે છે એ કે, દાવાવાળી જમીનો ઉપરોકત પેરામાં જણાવેલ બાનાખત થયેલ ત્યારથી અને તે પહેલાથી સંપુર્ણ કબજો ભોગવટો ધરાવીએ છે અને તેની આજદીન સુધીની વિઘોટી પણ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતા તેમજ પ્રતિવાદી નંબર ૧ અને ૨ નાઓ ભરતા આવેલા છે. આમ, વાદીઓ કે પ્રતિવાદી નં. ૩ અને ૪ નો સદર જમીનોમાં કોઈ જ લાગ ભાગ, હકક હિસ્સો સમાયેલ ન હોવા છતાં, ફકત રેવન્યુ રેકર્ડ તેઓના નામ જે તે સમયે દસ્તાવેજ કરાવેલ ન હોય, ચાલુ હોવાના લીધે, તેનો ખોટી રીતે ગેરલાભ લેવા માટે સદર દાવો મનઘડત સ્ટોરીઓ તેમજ ખોટુ દાવાનુ કારણ બતાવી લાવેલ હોય તે ખર્ચ સહીત રદ કરવા અરજ છે. વધુમાં પ્રતિવાદી નં. ૩ અને ૪ નાઓ આ અંગે કોઈ દાવો લાવેલ ન હોય વાદીઓને તેઓના વતી કોઈપણ હકક કે અધિકાર મેળવવાનો કોઈ જ અધિકાર પહોંચતો નથી.તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ વધુમાં જણાવે છે કે દાવાવાળી જમીનો પૈકી સર્વે નં. ૨૦૬ માં શરૂઆતમાં તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓની સને ૧૯૯૧ ની સાલથી ઓરડી આવેલ હતી, જે સમય જતાં સને ૨૦૦૮ની સાલમાં તેઓ પ્રતિવાદી નં. ૨ નું પાકુ મકાન ત્રણ રૂમ રસોડાનું બનાવેલ છે તેમજ સને ૨૦૧૨ માં પ્રતિવાદી નં. ૧ નું પણ પાકુ મકાન અંદાજે ત્રણ રૂમ રસોડા વાળું બનાવેલ છે અને આ બંન્ને રહેણાંકના મકાનોમાં વીજ જોડાણ પણ

લીધેલ છે જે અંગેના વખતો વખતના વીજ જોડાણના બીલો તેમજ પંચાયતના ઘરવેરાના બીલો આ સાથે રજુ કરેલ છે. આ સંપુર્ણ હકીકતથી વાદીઓ તથા પ્રતિવાદી નં. ૩ અને ૪ નાઓ માહીતગાર છે અને આજદિન સુધી તેઓએ કયારેય પણ વાંધો વિરોધ કે અડચણ કરેલ નથી, પરંતુ હાલમાં જમીનોની કીંમતો વધતાં અને તેઓના નામ જમીનોમાં આજદિન સુધી ચાલુ હોવાના લીધે બદદાનતથી સદર દાવો લાવેલ છે. તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ વધુમાં જણાવે છે કે તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ની દાવાવાળી જમીનોની ચારે દીશામાં આવેલ જમીનોના માલીકોની તેઓના કથનોને સમર્થન આપતી એફીડેવીટ આ દાવાના કામે સામેલ છે અને જેમાં પણ તેઓ એ હકીકતને સમર્થન આપે છે કે તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨નાઓ જ ફકત આ ખેતરમાં વર્ષોથી ખેતી કરી વસવાટ કરી રહેલ છે. વધુમાં તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ આ સાથે વાદગ્રસ્ત જમીનો પૈકી સર્વે નં. ૨૦૬ માં ખેતીનો વપરાશ કરવા માટે લીધેલ વીજ જોડાણના બીલ તેમજ જમીનની વીઘોટી પણ તેઓ પ્રતિવાદી ભરે છે જેની પહોંચની નકલો પણ આ સાથે રજુ કરેલ છે. તેમજ ઉપરોકત તેઓના રહેવાના મકાન જેઓએ બનાવેલ છે તે કોન્ટાકટરની એફીડેવીટ, તેમજ તેઓની જમીનમાં ખેતી કરતાં ભાગીયાનું સોગંદનામું આ તમામ પુરાવા આ સાથે સામેલ રાખેલ છે. જે નામદાર કોર્ટને વિદીત થાય. ભોગવટો જાહેરમાં કરતા આવેલ હોય, તેઓ વિરૂધ્ધના કબજાના અનુમાન મુજબ પણ સદર જગ્યાના માલીક થયેલ છે. તેથી પણ વાદીઓ તેઓની દાવા અરજી તથા મનાઈ અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર નથી. વાદીઓના સદર દાવાને જરૂરી પક્ષકારોનો બાધ નડતો વીરપુર હોય સદર દાવો ચાલવા પાત્ર નથી. વાદીઓને તેઓની મનાઈ અરજીમાં જણાવેલ હકીકતો તે દાવા અરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલું છે જેથી મનાઈ અરજીનો અલગથી જવાબ કરતાં નથી, અને સદર જવાબને મનાઈ અરજીનો જવાબ ગણવા અરજ છે.વધુમાં મજકુર જવાબમાં કરેલ સ્પષ્ટતા મુજબ વાદીઓનો કોઈ જ પ્રાઈમાફેશી કેશ નથી, ઉલ્ટાનું તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નું સળંગ બીનઅવરોધી કબજો ચાલી આવેલ હોય બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો પ્રતિવાદી નં. ૧ અને ૨ લાભમાં છે, તેમજ માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો તેઓ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે અને મલ્ટીસ્પ્લીટી ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે. આથી પણ વાદીઓએ તેઓની મનાઈ અરજીમાં માંગ્યા મુજબના દાદ મેળવવા હકકદાર નથી. વધુમાં વાદીઓએ તેઓની મનાઈ અરજીમાં માંગેલ દાદ અને દાવા

અરજીમાં માંગેલ દાદ એકજ પ્રકારની દાદ હોય દાવાના આખરી નિકાલ પહેલા વચગાળાના સ્ટેજે આવી આખરી દાદ મેળવવા વાદીઓ હકકદાર નથી. તેથી પણ વાદીની મનાઈ અરજી નામંજુર થવાને પાત્ર છે.

પ્રતિવાદીઓને દાવા તથા મનાઈઅરજીનો સમન્સ તથા નોટીસ બજી જતા પ્રતિવાદી નં. ૩ તથા ૪ નાઓ તેઓના વકીલશ્રી દ્વારા હાજર થઈ આંક - 36 થી મનાઇ અરજીનો સંયુક્ત લેખિત જવાબ રજૂ કરેલ છે. તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, વાદીનો દાવો તથા મનાઈ અરજીની હકિકતો તેઓ પ્રતિવાદીઓનાં હિત વિરૂધ્ધનાં નથી. દાવા તથા મનાઈ અરજીનાં પેરા-૧, ૨, ૩ની હકિકતો ખરી છે, જે અંગે કોઈ તકરારો નથી. દાવા તથા મનાઈ અરજીનાં પેરા-૪, ૫ ની હકિકતો અંગે કોઈ તકરારો નથી. તેઓ પ્રતિવાદીઓ નં.૩, ૪ તથા વાદીઓનો દાવાવાળી જમીનમાં ૧/૨ માલિકી હક્ક છે, તેમજ પ્રતિવાદીઓ નંબર-૧,૨નો દાવાવાળી જમીનમાં ૧/૨ હકક છે.દાવા તથા મનાઈ અરજીનાં પેરા-૫ ની હકિકત ખરી નથી. આ કામના વાદીઓએ તેઓ પ્રતિવાદીઓ નંબર-૩, ૪ નાને દાવો કરતી વખતે કોઈ સંપર્ક કરેલો નથી, પરંતુ આ કામે તેઓ જરૂરી તથા યોગ્ય પક્ષકાર હોવાની હકિકત ખરી છે. દાવા તથા મનાઈ અરજીનાં પેરા-૬ માં દર્શાવેલ પેઢીનામા અંગે કોઈ તકરાર નથી.દાવાનાં પેરા–૭ તથા ૮ અંગે જણાવવાનું કે દાવાનાં મથાળે જણાવેલ હકિકતો પ્રમાણે પક્ષકારો રહે છે, તે અંગે કોઈ તકરાર નથી. સર્વે નંબર–૨૦૬માં પ્રતિવાદીઓ નંબર-૧, ૨ નાએ પાકું ઈંટેરી મકાન બનાવ્યાની હકિકત ખરી છે. દાવા તથા મનાઈ અરજીનાં પેરા-૮ તથા ૯ ની હકિકતો ખરી છે. દાવાવાળી જમીન પ્રતિવાદીઓ નંબર-૧, ૨ સંપૂર્ણ ખેડે છે, અને જેમાંથી ખેતીની તબલક આવક મેળવે છે. જેમાં વાદીઓ તથા તેઓ પ્રતિવાદીઓ નંબર-૩, ૪ નો નફામાં ભાગ છે. તેઓ તમામ પક્ષકારોનાં માલિક તરીકે રેવન્યુ રેકર્ડમાં નામ ચઢેલા છે. દાવા તથા મનાઈ અરજીનાં પેરા-૧૦, ૧૧ ની હકિકતો ખરી છે પક્ષકારો વચ્ચે પાર્ટીશન થવાથી દરેકને તેઓ-તેઓના ભાગની મિલકતનો વાપર ઉપભોગ કરવાનો અધિકાર મળે તે સાથે તેઓ સંમત છે.દાવાનાં પેરા-૧૨ માં જણાવ્યા પ્રમાણે તારીખ.૧૦/૦૩/૨૦૨૪ નારોજ વાદીઓને તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી.દાવાની દાદ તથા મનાઈની દાદ પક્ષકારોનાં હિતમાં છે, અને જેથી તે મુજબ મનાઈ હુકમ તથા દાવાનું હુકમનામું કરવા સામે અમોને કોઈ વાંધો નથી.પરંતુ પાર્ટીશન કરતી વખતે જે તે પક્ષકારને પુરતી તથા યોગ્ય લોકેશનવાળી પુરતી કિંમતવાળી

(3) પ્રસ્તુત કામે વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે

વાદી તરફે દસ્તાવેજી પુરાવા:-

1. નિ.૦૩/૧ થી સર્વે નંબર 189 ની 7/12 ની નકલ
2. નિ.૦૩/૨ થી સર્વે નંબર 206 ની 7/12 ની નકલ
3. નિ.09/5 થી અસલ પંચનામુ
4. નિ.09/6,7 થી વાદ અગ્રસ્ત જગ્યાના નકશા
5. આંક-42 થી મોજે વીરપુર ગામ નમુના નંબર 6 નોંધ નંબર 6976
6. આંક-43 થી મોજે વીરપુર ગામ નમુના નંબર 6 નોંધ નંબર 7942
7. આંક-44 થી મોજે વીરપુર ગામ નમુના નંબર 6 નોંધ નંબર 9212
8. આંક-45 થી મોજે વીરપુર ગામ નમુના નંબર 6 નોંધ નંબર 9215
9. આંક-46 થી મોજે વીરપુર ગામ નમુના નંબર 6 નોંધ નંબર 9324

(4.1) પ્રસ્તુત કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા:-

1. નિ. 34/1 થી સ્વ. કચરાભાઈ મુળજીભાઈ રામીના વારસદાર દર્શાવતું કોષ્ટક.
2. નિ. 34/2 થી નોંધ નં. ૪૬૭ અને ૪૬૮ ના ગામ નમુના નંબર ૬ ની નકલ.
3. નિ. 34/3 થી સ્વ. રામી કચરાલાલ મુળજીભાઈ તથા તેમના ભાઈ રામી ગોકળદાસ મુળજીભાઈ વચ્ચે ઘરમેળે થયેલ તા.૦૪/૦૪/૧૯૭૭ નો વહેંચણીનો ઠરાવ.
4. નિ. 34/4 થી સ્વ. રામી કચરાલાલ મુળજીભાઈ તથા તેમના ભાઈ રામી ગોકળદાસ મુળજીભાઈ વચ્ચે તા.૧૬/૦૪/૧૯૭૮ ના રોજ સ્ટેમ્પ પેપર પર થયેલ જમીનની વેચાણખતનો કરાર.
5. નિ. 34/5 થી સ્વ. ગોકળદાસ મુળજીભાઈ રામીએ સ્વ. કાંતિલાલ જેઠાલાલ રામીની તરફેણમાં તા.૨૫/૦૪/૧૯૯૨ ના રોજ કરેલ બાનાખત ની નકલ.
6. નિ. 34/6 થી તારીખ 26 10 1991 ના રોજ સ્વ. ગોકળદાસ મૂળજીભાઈ રામી તેઓના ભાઈ રમેશચંદ્ર તથા ધીરુભાઈ ને લખેલ પત્ર ની નકલ..
7. નિ. 34/7 થી સ્વ. કચરા લાલ મૂળજીભાઈ રામીના વારસદાર હોય સ્વ. કાંતિલાલ જેઠાલાલ રામીની તરફેણમાં તારીખ 15 7 1991 ના રોજ કરી આપેલ બાનાખતની નકલ.

8. નિ. 34/8 થી સ્વ. કાંતિલાલ જેઠાલાલ રામની તરફેણમાં તારીખ 27 10 1991ના રોજ બાના ખતરના મથાળા હેઠળ અવેજ સ્વીકારી કરી આપેલ વેચાણ ખતની નકલ.

9. નિ. 34/9 થી ભરતભાઈ રસિકલાલ રામી નું સોગંદનામુ.

10. નિ. 34/10 થી પ્રતિવાદી નંબર 1અને 2 નાઓનું અનુક્રમે 2012 અને 2008 માં મકાનનું બાંધકામ કરનાર રફિકભાઈ ઉમરભાઈ શેખ નું સોગંદનામુ.

11. નિ. 34/11 થી સર્વે નંબર 207 ના શને 2010 સુધીના હિસ્સેદાર અશોકલાલ ચીમનલાલ રામીનું સોગંદનામુ.

12. નિ. 34/12 થી સર્વે નંબર 188 અને 211 ના સહ હિસ્સેદાર ઈશ્વરભાઈ કાળુભાઈ ઠાકોર નું સોગંદનામુ.

13. નિ. 34/13 થી સર્વે નંબર 190 ના સહ હિસ્સેદાર હીરાભાઈ લાલદાસ પટેલ નું સોગંદનામુ.

14. નિ. 34/14 થી દાવાવાળી જમીનોમાં સને-૨૦૧૦ થી ભાગીયા તરીકે કામ કરનાર ભલાભાઈ માલાભાઈ પરમારનું સોગંદનામું.

15. નિ. 34/15 થી દાવાવાળી જમીનોમાં સને-૨૦૦૮ સુધી ભાગીયા તરીકે કામ કરનાર નાનાભાઈ જીવાભાઈ ઠાકોરનું સોગંદનામું.

16. નિ. 34/16 થી પ્રતિવાદી નં. ૧ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૨૪૦૦૨/૦૩૧૪૫/૪ ના સપ્ટેમ્બર-ઓકટોબર-૨૦૧૧ ના બીલની નકલ.

17. નિ. 34/17 થી પ્રતિવાદી નં. ૧ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૨૪૦૦૨/૦૩૧૪૫/૪ ના સપ્ટેમ્બર-ઓકટોબર–૨૦૧૪ ના બીલની નકલ.

18. નિ. 34/18 થી પ્રતિવાદી નં. ૧ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૫૧૩૦૧/૦૩૧૪૫/૩ ના મે-જુન-૨૦૧૮ ના બીલની નકલ.

19. નિ. 34/19 થી પ્રતિવાદી નં. ૨ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૫૧૩૦૧/૧૦૧૫૮/૩ ના જુલાઈ-ઓગસ્ટ-૨૦૧૭ ના બીલની નકલ.

20. નિ. 34/20 થી પ્રતિવાદી નં. ૨ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૫૧૩૦૧/૧૦૧૫૮/૩ ના જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૦ ના બીલની નકલ.

21. નિ. 34/21 થી પ્રતિવાદી નં. ૨ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૫૧૩૦૧/૧૦૧૫૮/૩ ના જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૧ ના ૩૯બીલની નકલ.
22. નિ. 34/22 થી પ્રતિવાદી નં. ૨ના ઘરના વીજ જોડાણના ગ્રાહક નં. ૫૧૩૦૧/૧૦૧૫૮/૩ ના માર્ચ-એપ્રિલ-૨૦૨૪ ના બીલની નકલ.
23. નિ. 34/23 થી સર્વે નં. ૨૦૬ની જમીનમાં લીધેલ ખેતીના વીજ જોડાણના સને ૨૦૦૫-૨૦૦૬ના બીલની નકલ.
24. નિ. 34/24 થી સર્વે નં. ૨૦૬ ની જમીનમાં લીધેલ ખેતીના વીજ જોડાણના સને ૨૦૧૨ના બીલની નકલ.
25. નિ. 34/25 થી સર્વે નં. ૨૦૬ ની જમીનમાં લીધેલ ખેતીના વીજ જોડાણના સને ૨૦૧૫ના બીલની નકલ.
26. નિ. 34/26 થી સર્વે નં. ૨૦૬ ની જમીનમાં લીધેલ ખેતીના વીજ જોડાણના સને ૨૦૧૭ના બીલની નકલ.
27. નિ. 34/27 થી સર્વે નં. ૨૦૬ ની જમીનમાં લીધેલ ખેતીના વીજ જોડાણના સને ૨૦૨૦ના બીલની નકલ.
28. નિ. 34/28 થી સર્વે નં. ૨૦૬ ની જમીનમાં લીધેલ ખેતીના વીજ જોડાણના સને ૨૦૨૩ના બીલની નકલ.
29. નિ. 34/29 થી વાદવાળી જમીનોના મહેસુલની તા.૦૪/૦૭/૧૯૯૪ પહોંચ.
30. નિ. 34/30 થી વાદવાળી જમીનોના મહેસુલની તા.૧૩/૦૧/૧૯૯૮ પહોંચ.
31. નિ. 34/31 થી વાદવાળી જમીનોના મહેસુલની તા. ૧૭/૦૩/૨૦૦૧ પહોંચ.
32. નિ. 34/32 થી વાદવાળી જમીનોના મહેસુલની તા.૨૨/૦૪/૨૦૦૯ પહોંચ.
33. નિ. 34/33 થી વાદવાળી જમીનોના મહેસુલની તા.૦૭/૦૨/૨૦૧૨ પહોંચ.
34. નિ. 34/34 થી વાદવાળી જમીનોના મહેસુલની તા.૨૫/૦૬/૨૦૧૫ પહોંચ.
35. નિ. 34/35 થી વાદવાળી જમીનોના મહેસુલની તા. ૧૭/૦૬/૨૦૨૧ પહોંચ.
36. નિ. 34/36 થી વાદવાળી જમીનોના મહેસુલની તા. ૧૨/૦૧/૨૦૨૪ પહોંચ.

37. નિ. 34/37 થી પ્રતિવાદી નં.ર ના રહેણાંકના ઘરનું ગ્રામ પંચાયત ધ્વારા આપેલ સને ૨૦૦૯-૨૦૧૦ ના વેરા પહોંચ.
38. નિ. 34/38 થી પ્રતિવાદી નં.ર ના રહેણાંકના ઘરનું ગ્રામ પંચાયત ધ્વારા આપેલ સને ૨૦૧૧-૨૦૧૨ ના વેરા પહોંચ.
39. નિ. 34/39 થી પ્રતિવાદી નં.ર ના રહેણાંકના ઘરનું ગ્રામ પંચાયત ધ્વારા આપેલ સને ૨૦૧૩-૨૦૧૪ ના વેરા પહોંચ.
40. નિ. 34/40 થી પ્રતિવાદી નં.ર ના રહેણાંકના ઘરનું ગ્રામ પંચાયત ધ્વારા આપેલ સને ૨૦૧૭-૨૦૧૮ ના વેરા પહોંચ.
41. નિ. 34/41 થી પ્રતિવાદી નં.ર ના રહેણાંકના ઘરનું ગ્રામ પંચાયત ધ્વારા આપેલ સને ૨૦૨૧-૨૦૨૨ ના વેરા પહોંચ.
42. નિ. 34/42 થીરાજેન્દ્રભાઈ ગોકળદાસ રામી નું સોગંદનામુ
43. નિ. 34/43 થી સર્વે નંબર 206 પર પ્રતિવાદી નંબર 1 અને 2 ના રહેણાંકના મકાનના તેમજ સર્વે નંબર 189 પર આવેલ ઓરડી ના ફોટોગ્રાફ્સ

(5) આ કામે વાદી તરફે દલીલો વિદ્વાન વકીલ શ્રી પી ડી પાઠક દ્વારા આંક 61થી લેખિત દલીલ આપી, તેમાં મુખ્યત્વે એમ જણાવેલ છે કે, વાદી આંક 3 થી દાવાવાળી મિલકતના ગામ નમૂના નંબર 7/12 અને 8અ નકલ રજૂ કરેલ છે, તે તમામમાં વાદીઓના માલિક અને કબજેદાર તરીકે નામ છે. જેથી પ્રથમ દર્શન અને રીતે વાદીઓ દાવાવાળી મિલકતના માલિક અને કબજેદાર હોય વાદીઓને માંગ્યા મુજબની દાદ આપવી જોઈએ. પ્રતિવાદીઓ પોતાના જવાબના પેરા નવ તથા દસમાં ખોટી હકીકતો જણાવેલ છે.પ્રતિવાદીઓ જણાવે છે તેઓ બાનાખત તે કોઈ વેચાણ દસ્તાવેજ નથી. પ્રતિવાદીઓ જવાબના તેરા 22(12) માં વિરુદ્ધ કબ્જાથી માલિકી હક હોવાનું જણાવી વાદીઓ પોતે આ જમીનના માલિક હોવાનું પરોક્ષ રીતે કબૂલ રાખેલ છે. આમ સમગ્ર હકીકતે વાદીઓએ પોતે માલિક હોવાનું રજૂ કરેલા પુરાવાથી પુરવાર કરેલ હોય, પ્રતિવાદીઓ જેટલો જ વાદીઓને પણ કબજો ધરાવવાનો હક હોય ત્યારે, વાદીઓએ માગ્યા મુજબનો વચગાળાનો મનાઈહુકમ આપવા વિનંતી કરેલ છે. આમ પ્રતિવાદીઓનું સમગ્ર કૃત્ય ગેરકાયદેસરનું હોય પ્રતિવાદીઓને અટકાવવા ખૂબ જરૂરી હોય વાદીની મનાઈ અરજી મંજૂર કરવા નમ્ર વિનંતી કરવામાં આવેલ છે.

પ્રતિવાદી તરફે દલીલ કરતા વિદ્વાન વકીલ શ્રી એચ કે સુથાર જણાવે છે કે, વાદી ની દવા અરજી જોવામા આવે તો પેરા સાત અને આઠમા તેઓએ કબુલ કરેલ છે કે પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતનું કબજો ધરાવે છે, પ્રતિવાદી આ સંપૂર્ણ જમીન ખેડે છે તેવું પણ વાદીએ કબુલ કરેલ છે.આ ઉપરાંત દાવા અરજીના પેરા 11માં પણ ઉપજ ની માગણી કરી પ્રતિવાદીઓનો કબજો હોવાનું સ્વીકારેલ છે. પોતાના જવાબ સાથે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો પ્રતિવાદી આ જમીનના સ્વતંત્ર માલિક હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વાદીઓએ આજ દિન સુધી પ્રતિવાદીને કોઈ નોટીસ કે દરમિયાન ઉપજ ની કોઈ ડિમાન્ડ કરેલ નથી. પ્રતિવાદીએ આ અરજીનો જે જવાબ આપેલ છે, તેની હકીકતો નો વાદીએ રીજોઈન્ડર એફિડેવિટમાં પણ કોઈ ઇન્કાર કરેલ નથી.વાદી જણાવે છે તેમ તારીખ 10 3 24 ના રોજ કોઈ બનાવ બનેલ હોય તેવું પણ પુરવાર થતું નથી. આ કામના પ્રતિવાદી નંબર 3 અને 4 ના આંક 36 થી જે જવાબ આપેલો છે તેના પેરા 4 માં જણાવેલ હકીકત અનુસાર વાદીને દાવાનું કોઈ કારણ ઉત્પન થયેલ નથી, અને વાદી જણાવે છે તે કારણ ખોટું પુરવાર થાય છે. જેથી વાદીએ દાવાનું કારણ દાવાને લિમિટેશનમાં લાવવા સારું ખોટું ઊભું કરેલું છે. તેથી વિશેષ વાદીઓએ દાવામાં સંપૂર્ણ પક્ષકારોને જોડેલા નથી, અને વાદીઓએ આંક 37 ના કાઉન્ટર સોગંદનામાં ના પેરા 11 માં કબુલેલ હકીકત અનુસાર બહેનોને પક્ષકાર બનાવેલા નથી તે રીતે પણ વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાદ નડે છે.આમ વાદીઓનો કોઈ દાવો મેન્ટેનેબલ ન હોય વાદીનો દાવો જ રદ થાય તેવા સંજોગો હોય વાદીને મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને ખૂબ અન્યાય થાય તેથી વાદીની મનાઈઅરજી મંજૂર થઈ શકે તેમ નથી. જેથી વાદીનો હાલનો દાવો કાયદા વિરુદ્ધનો હોય રદ થવા પાત્ર છે અને તેમાં આપેલી હાલની અરજી પણ નામંજૂર થવા પાત્ર છે.

(6) કોઈપણ દાવામાં મનાઈઅરજીનો નિર્ણય કરતા સમયે કોર્ટે મુખ્ય ત્રણ મુદ્દા તપાસવાના હોય છે. જેમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ ? સગવડતા અગવડતા ની સમતુલા કોની તરફેણમાં છે ? તથા જો મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીને નાણાથી ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે કે કેમ ? જે નક્કી કરતી વખતે પક્ષકારોના પ્લીડિંગ્સ, રજુ દસ્તાવેજો તથા ઉભય પક્ષ તરફેની રજૂઆતો ને ધ્યાને રાખી ઉપરોક્ત મુદ્દાનો નિર્ણય કરવાનો હોય છે.

(7) <u>પ્રથમ દર્શનીય કેસ</u>:-

આ કામે વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવા બાબતની ચર્ચા કરતા અગાઉ વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત જોઈએ તો, વાદીઓએ હાલનો આ દાવો કરી મહિસાગર જીલ્લાના વિરપુર ગામમાં રે.સ.નં. ૧૮૯ તથા રે.સ.નં. ૨૦૬ ની ખેતીની જમીન તેઓ પક્ષકારોની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની જમીનો આવેલી છે. આ જમીનો વડીલોપાર્જીત મિલ્કત છે. સદરહું જમીનોનુ વર્ણન તથા ચાર દિશાના ખુંટ નીચે પ્રમાણે છે.(એ). રે.સ.નં. ૧૮૯ હે.૧-૫૩-૭૮, ૦-૧૬-૧૯(ખરાબો) કુલ હે. ૧-૬૯-૯૭, આકાર રૂા.૪-૧૨ પૈસા વાળીજમીનના ચાર દિશાના ખૂંટ પૂર્વે રે.સ.નં. ૨૦૬ તથા ૧૯૦ ની હદવારે.પશ્ચિમે રે.સ.નં. ૨૧૧ની હદવારે ઉત્તરે રે.સ.નં.૨૦૭ ની જમીનની હદવારે દક્ષીણે રે.સ.નં.૧૮૭ તથા ૧૮૮ ની હદવારે (બી). રે.સ.નં. ૨૦૬, હે. ૧-૧૦-૨૮, તથા ખરાબો હે. ૧-૦૧-૦૧, મળી કુલ હે. ૧-૧૧-૨૯ પ્ર.આર. આકાર રૂા. ૩.૫૦ પૈસાવાળી જમીનના ચાર દિશાના ખૂંટ પૂર્વે રે.સ.નં. ૨૦૫ની હદવારે.પશ્ચિમે રે.સ.નં. ૨૦૭ ની હદ ઉત્તરે મામલતદાર કચેરી તરફ જવાનો રસ્તો.દક્ષીણે રે.સ.નં.૧૯૦ ની હદ ઉપરોકત વર્ણન તથા ચાર દીશાના ખુંટ માપવાળી જમીનને હવે દાવાવાળી મિલ્કત તરીકે ઉલ્લેખ કરેલ છે. તેઓ પક્ષકારો એક જ કુટુંબના વ્યકિતઓ છે. આ કામના પ્રતિવાદી નંબર.૧-૨ ના પૂર્વજ સ્વર્ગસ્થ જેઠાભાઈ પરસોત્તમભાઈ રામીના વારસદારો છે. જયારે તેઓ વાદીઓ તથા પ્રતિવાદી નંબર.૩-૪ તે સ્વ. કચરાભાઇ મુળજીભાઇ રામીના વારસદારો છે.આ દાવાવાળી જમીન સ્વ. કચરાભાઈ મુળજીભાઈ રામી તથા સ્વ. જેઠાભાઈ પરસોત્તમભાઇ રામીના સરખા હિસ્સે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની જમીનો છે. એટલે કે તેઓ વાદીઓ તથા પ્રતિવાદી નંબર. ૩-૪ નો દાવાવાળીજમીનમાં ૧/૨ સરખો માલિકી હકક તથા કબજો ભોગવટો છે. તેમજ પ્રતિવાદી નંબર.૧-૨ નો તે જ રીતે ૧/૨ સરખો માલિકી હક્ક તથા કબજો ભોગવટો છે. આ કામના પ્રતિવાદી નંબર.૩-૪ તે તેઓ વાદીઓના પેઢીમા આવે છે. પરંતુ પ્રતિવાદીનંબર.૧-૨ ના પણ સગા થતા હોય આ દાવાના કામે તેઓને વિનંતી કરવા છતા તેઓ તેઓને સહયોગ કરતા નથી જેથી તેઓ પણ જરૂરી અને યોગ્ય પક્ષકાર હોય તેઓને પ્રતિવાદી તરીકે જોડેલા છે. તેઓ વાદીઓ તથા પ્રતિવાદી નંબર. ૩-૪ નુ પેઢીનામુ રજૂ કરેલ છે. તેઓ વાદીઓ તથા પ્રતિવાદી નંબર. ૩-૪ દાવાના મથાળે જણાવેલ સરનામે રહે છે એટલે કે ઘણા વખતથી વિરપુરની બહાર સ્થાયી થયેલા છે. જયારે પ્રતિવાદી નંબર.૧-૨ નાઓ વિરપુર ગામમા જ રહે છે. તેમજ સર્વે નંબર.૨૦૬ મા તેઓને પાકુ ઈંટેરી

મકાન તેઓની જાણ બહાર, તેઓની સંમતિ વિના બનાવેલ છે, અને તે મકાનમાં જ રહે છે.આ કામના પ્રતિવાદી નંબર. ૧-૨ નાઓ તેઓની જાણમાં તથા તેઓની સંમતિ થી દાવાવાળી સંપુર્ણ જમીન ખેડે છે, અને તમાકુ તથા શાકભાજી તથા ફુલોની ખેતી કરે છે. અને જેમાથી દર વર્ષે રૂ. ૩ (ત્રણ) લાખની આવક મેળવે છે. આ કામના પ્રતિવાદી નંબર. ૧-૨ નાએ દાવાવાળી જમીનમાથી ઉત્પન્ન થતા ખેતીની આવકમાંથી ૧/૨ હિસ્સો નફાનો આપવાની જવાબદારી છે, પરંતુ આજદિન સુધી કોઈપણ હિસાબ આપેલ નથી કે નફાનો ૧/૨ હિસ્સો પણ આપેલ નથી. દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા માલિક તરીકે તેઓ તમામ પક્ષકારોના નામ દાખલ થયેલા છે. તેઓ વાદીઓ તેઓની દાવાવાળી જમીનોના તેઓનો ભાગ પુરતો સ્વતંત્ર વાપર ઉપભોગ કરી શકે તે મુજબ દાવાવાળી જમીનોની વહેંચણી કરવા માંગતા હોય આ કામના પ્રતિવાદી નંબર. ૧-૨ નાઓ સાથે તારીખ ૧૦–૩–૨૦૨૪ ના રોજ રવિવારે અમદાવાદ મુકામે રાજેન્દ્રકુમાર ગોકળદાસ રામીના ઘરે પ્રતિવાદીનંબર.૧-૨ તથા તેઓના સગાઓ આવેલા અને તેઓને વહેંચણી બાબતે ચર્ચા કરતા તમામ પ્રતિવાદીઓ તેઓનો આ જમીનમા કોઈ હકક નથી અને જો આ જમીન ખેડવા માટે આવશો તો જીવતા છોડીશુ નહી તેવી પણ ધમકી આપેલી છે. પરંતુ દાવાવાળી જમીનમા તેઓ વાદીઓ તથા પ્રીતવાદી નંબર.૩-૪ નો સંયુકત ૧/૨ માલિકી હકક તેમજ તે જ રીતે પ્રતિવાદી નંબર. ૧-૨ નો ૧/૨ માલિકી હકક છે, અને તેથી દાવાવાળી મિલ્કત વાપર ઉપભોગ કરવાનો તેમા ખેતી કરવાનો તથા પાર્ટીશન કરવાનો તેઓનો કાયદેસરનો હકક છે. તેમજ પ્રતિવાદી નંબર. ૧-૨ નાએ દાવાવાળી જમીન મેળવેલ ખેતીની ઉપજનો ભાગ મેળવવાનો તેઓનો કાયદેસરનો અધિકાર છે. વાદીએ દાદા માંગેલ છે કે તેઓ મહિસાગર જીલ્લાના વિરપુર ગામના રે.સ.નં. ૧૮૯ અને રે.સ.નં. ૨૦૬ વાળી ખેતીની જમીન અંગે દાવાઅરજીમા જણાવેલ ખુંટ મુજબની પરિસ્થિતિ ને ધ્યાનમાં લઈ નામદાર કોર્ટ દ્વારા નિમાયેલ કોર્ટ કમિશ્નરશ્રી સ્થળ ઉપર આવી તેનો નકશો, પંચનામુ અને કોર્ટ કમિશ્નરશ્રી અહેવાલ રજુ કરે તે માટે કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુંક અંગેનો હુકમ કરવા ન્યાયના હીતમાં મહે. કરશોજી.ન્યાયના હીતમાં બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ અપાવવા વિનંતી કરેલ છે. તેમજ દાવાવાળી મિલકત અંગે મનાઈહુકમ માંગેલ છે.

(8) આમ ઉપરોક્ત પક્ષ નિવેદનો, રેકર્ડ ઉપર નો દસ્તાવેજી પુરાવો, તેમજ પક્ષકારો તરફેની દલીલ ધ્યાને લેતા, સૌપ્રથમ કોર્ટે એ જોવાનું છે કે શું વાદીને પ્રતિવાદી વિરુદ્ધ મનાઈહુકમ મળી શકે તેવો પ્રથમ

દર્શનીય કેસ છે ? તે અંગે વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા જોઈએ તો વાદીએ નિશાની 3/1 સર્વે નંબર 189 ની ગામ નમુના નંબર 7/12 ની નકલ રજૂ કરેલ છે. જ્યારે નિશાની 3/2 થી સર્વે નંબર 206ની ગામ નમુના નંબર 7/12 ની નકલ રજૂ કરેલ છે. આ બંને દસ્તાવેજમાં વાદીઓ ના નામ કબજેદાર તરીકે જણાવેલા છે. જેથી વાદીઓ આ મિલકત સંબંધે આ બંને દસ્તાવેજો ઉપર આધાર રાખી પ્રતિવાદીઓ આ દાવાવાળી મિલકતમાં પ્રવેશ કરતા તેઓને રોકટોક કે અટકાવી નહીં તેઓ મનાઈ હુકમ ની માગણી કરે છે. હવે જે મુખ્ય દાંત માંગેલી છે તે જોઈએ તો દાવા અરજી ની દાદ ના પેરા 14 જોઈએ તો દાવાવાળી જમીન ના ½ (અડધા) હિસ્સાના માલિક અને કબજેદાર હોવાનું જાહેર કરવાની તેમજ પ્રતિવાદીઓને દાવાવાળી જમીનોનો વાદીઓ વાપર ઉપોભોગ કરે તેમાં અડચણ કે અંતરાય કરવાનું અધિકાર ન હોવાનું તેમજ વાદીઓ ખેતી કામ કરે કે પ્રવેશ કરે તેમાં કોઈ અંતરાય કે અટકાવ કરે કરાવી નહીં તેવો કાયમી મનાઈ હુકમ ની માગણી કરેલી છે. વાદીઓની મનાઈ અરજી જોઈએ તો પોતાની દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ તે જ મનાઈ અરજીની દાદ છે. જેથી નામદાર એપેક્સ કોર્ટના સંખ્યાબંધ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ છે તેમ, <u>જો વચગાળાની અરજીમાં માંગ્યા મુજબની દાદ તે જ દાવાની મુખ્ય દાદ હોય તેવા કિસ્સામાં તેવી વચગાળાની દાદ મંજૂર થઈ શકે નહીં.</u> આમ સમગ્ર હકીકતે જોઈએ તો વાદીઓ જે રેવન્યુ રેકર્ડ આધારે પોતે કબજેદાર હોવાની દાદ મેળવવા આવેલા છે, તે જમીનો અંગે માત્ર રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ હોવું, તેટલું પૂરતું નથી. આ ઉપરાંત પ્રતિવાદી તરફેની દલીલો મુજબ વાદીના દાવા અરજીના પેરા 7 અને 8 જોઈએ તો પ્રતિવાદી નંબર 1 તથા 2 નો દાવાવાળી જમીન ઉપરનો કબજો સ્વીકારેલો છે. વળી વાદીઓના જણાવ્યા મુજબ તેઓ ઘણા વખતથી વીરપુરની બહાર સ્થાયી થયેલા હોવાનું જણાવતા હોય પ્રતિવાદીઓનો કબજો તે પરમીસીવ કબજો છે, તેવું પણ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી દાવાવાળી મિલકત ઉપર પ્રતિવાદીઓનો હાલમાં કબજો છે, જેનો વાદીએ પણ સ્વીકાર કરેલ છે, જેથી વાદીઓ આ જમીન અંગે માલિકી હક ધરાવતા હોય તો પણ તેઓ હક પુરાવો લીડ કરીને વાદીઓએ પુરવાર કરવો જોઈએ અને વાદીઓ આ જમીનના માલિક હોવાનું તેમણે તેમના પગ ઉપર ઉભા રહી પુરવાર કરવો જોઈએ. તેની સાથે પ્રતિવાદીઓએ રજૂ કરેલ આંક 33 વાળા જવાબની હકીકતો જોવામાં આવે તો તેમજ પ્રતિવાદી તરફે રજૂ થયેલ આંક 34 વાળા દસ્તાવેજી પુરાવા જોતા દાવાવાળી જમીનો અંગે વહેંચણી, જમીનના વેચાણ ખત,

બાનાખત કરાર, રજૂ થયેલા સોગંદનામાં, વેરાપહોંચો, બિલ વિગેરે જોતા પણ દાવાવાળી મિલકતો અંગે ભૂતકાળમાં વ્યવહારો થયાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે, જે તમામ હકીકતો તે પુરાવાનો વિષય છે. પરંતુ પ્રતિવાદી એ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા જોતા પણ પ્રતિવાદીઓનો ઘણા લાંબા સમયથી આ મિલકત ઉપર કબજો હોવાનું જણાય આવે છે. વળી વાદીઓએ પોતાના દાવામાં દરમિયાન ઉપજ ની માંગણી પણ કરેલ છે, તે જોતા પણ પ્રતિવાદીઓ આ જમીન લાંબા સમયથી ખેડતા હોવાનું પણ વાદીઓ સ્વીકારે છે તેમ ગણી શકાય. જેથી વાદી જણાવે છે તેમ માત્ર રેવન્યુ રેકોર્ડમાં તેઓનું નામ હોવાથી, અને ઘણા સમયથી પ્રતિવાદીઓનો દાવાવાળી મિલકત ઉપર કબજો હોવા છતાં, દાવાવાળી મિલકત અંગે વાદીઓએ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપી શકાય નહીં. તેથી વાદીને પોતાની દાવા અરજીમાં પ્રતિવાદીઓનો ઘણા લાંબા સમયથી કબજો હોવાનું સ્વીકારેલ છે ત્યારે, અને દાવાની મુખ્ય દાદ તે જ આ વચગાળાની દાદ હોય, તેવી મનાઈહુકમની દાદ મળી શકે તેવો સંજોગો ન હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય નહીં. વાદી દાવાઅરજીમાં જણાવે છે તેવી હકીકતો પુરાવો લીડ કરી પુરવાર કરવી પડે. જેથી વાદીને મનાઈ હુકમ મળી શકે તેટલો સ્ટ્રોંગ કેસ હોવાનું જણાતું ન હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય નહીં.

(8) સગવડતા ની સમતુલા:-

વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું વાદી પુરવાર કરી શકેલા નથી અને વળી હાલના દાવામાં પ્રતિવાદીઓ પોતાના જવાબમાં જણાવે છે તેમ તેઓ દાવાવાળી મિલકતના સ્વતંત્ર માલિક હોવાનું તે પણ પુરાવો લીડ કર્યા સિવાય રેકર્ડ ઉપર આવી શકે નહીં. જેથી વાદી દાવાવાળી મિલકતથી વાદીઓ ઘણા વર્ષોથી દૂર રહેલા છે, અને પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતમાં કબજો ધરાવે છે, જેથી જો વાદીઓની આ અરજી મંજૂર ન કરવામાં આવે તો, વાદીઓને કોઈ અગવડ પડે તેમ નથી. જેથી સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં ન હોવાનું હું માનું છું.

(9) નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન:-

અહીં જ્યારે વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી કે વાદીની તરફેણમાં સગવડતાની સમતુલા નથી ત્યારે દાવાવાળી જમીન અંગેના થયેલા વ્યવહારો અંગે યોગ્ય પુરાવો રેકોર્ડ ઉપર આવે નહીં, ત્યાં સુધી પ્રતિવાદીઓને લાંબા સમયના કબ્જામાં વિક્ષેપ પાડી શકાય નહીં. વળી વાદીઓએ દરમિયાન ઉપજ ની માંગણી પણ કરેલ છે તે પણ ધ્યાને લેવું જોઈએ. પ્રતિવાદી તરફે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા

(2012) 9 SC 552 રજૂ કરી તેના પેરા 173, 174, 176, 177તરફ કોર્ટનું ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે, જેમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોને માનસહ વંચાણે લેતા તેમાં પણ વચગાળાની દાદ થી ફાઇનલ દાદ મંજૂર થઈ જતી હોય તો તેવી દાદ આપી શકાય નહીં, તેમ પ્રસ્થાપિત થયેલ છે જે મારી સમક્ષ ના કેસને સંપૂર્ણ લાગુ પડે છે. વાદી તરફે રજુ કરેલ ચુકાદો AIR 2022 KERALA 157 નો માનસહ વંચાણે લેતા તેમાં કો ઓર્નર દ્વારા સંયુક્ત મિલકતમાં કન્સ્ટ્રક્શન થતું નામદાર કોર્ટે મનાઈ હુકમ દ્વારા અટકાવેલું છે, પરંતુ મારા સમક્ષના આ હાલના કેસમાં સંયુક્ત મિલકતમાં કન્સ્ટ્રક્શન થતું હોય તેવી કોઈ હકીકત નથી, તેથી કેસની હકીકતો અલગ હોય હાલના કિસ્સામાં લાગુ પડી શકતું નથી. તેથી વિશેષ વાદીઓ ફક્ત પોતે દાવાવાળી મિલકતના સહમાલિક હોવાનું જાહેર કરાવવાની અને તેમાં પ્રતિવાદીઓ પ્રવેશ કરતા અટકાવી નહીં તેવી આ અરજીની દાદ માંગે છે ત્યારે આ ચુકાદો હાલના કિસ્સામાં લાગુ પડી શકે નહીં તેમ હું નમ્રપણએ માનું છું. વળી વાદીઓ ઘણા સમયથી બહાર રહેતા હોવાનું, અને પ્રતિવાદીઓ આ જમીન ઉપર કબજો ધરાવતા હોવાનું અને ખેતી કરતા હોવાનું સ્વીકારેલ છે ત્યારે, આવા સંજોગોમાં જો મનાઈ અરજી મંજૂર કરવામાં ન આવે તો વાદીને કોઈ નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થવાની શક્યતા ગણી શકાય તેમ નથી. જેથી ઉપરોક્ત તમામ સંજોગો વાદીની મનાઈ અરજી અંગે નીચે મુજબનો હુકમ ફરમાવું છું

-:: હુ ક મ ::-

વાદીની અરજી મનાઈ અરજી નામંજૂર કરવામાં આવે છે

અરજીનો ખર્ચ દાવાનાના આખરી પરિણામને અનુસરશે.

સદરહું હુકમ આજ રોજ તારીખ 06[ઠ્ઠી] માહે ઓક્ટોબર અને 2025 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- 06/10/2025

સ્થળ:- વિરપુર.

(દિલીપસિંહ જશવંતસિંહ ભાટી)

GJ01460

પ્રિન્સિપલ સિવિલ જજ, વિરપુર.